ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૪-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્રનાયક બાબાસાહેબ આંબેડકર

ભારતની લોકશાહીના આધારસ્તંભ સમા ભારતના રાજબંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો જન્મદિવસ એ દલિત - વંચિત - શોષિત સમુદાય માટે તો રામનવમી, જન્માષ્ટમી કે દિવાળી જેવો જ મહત્ત્વનો દિવસ છે. બાબાસાહેબે એમનું સમસ્ત જીવન પોતાના ઉપેક્ષિત સમાજના કલ્યાણ અર્થે સમર્પિત કરી દીધું હતું. ગાંધીજીની લગોલગ યાદ કરવા પડે એવા આ રાષ્ટ્રપુરુષનું જીવન સંઘર્ષ અને યાતનાઓની ગાથા જેવું છે. ભારતીય સમાજમાં પેસી ગયેલાં અસ્પૃશ્યતા અને વર્ણભેદ જેવાં દૂષણો સામે અડીખમ યોદ્ધાની જેમ ઝઝૂમનાર આ સમર્થ લડવૈયાને આખરે નિયતિને આઝાદ દેશના બંધારણના ઘડવૈયાની જવાબદારી સોંપી, જે એમને પૂરી નિષ્ઠાપૂર્વક અદા કરીને વિશ્વની સૌથી મોટી લોકશાહીને એનું આદર્શ બંધારણ ભેટ ધર્યું. બાબાસાહેબને મહાર જાતિના અછૂત બાળકમાંથી આઝાદ ભારતના આદરણીય રાષ્ટ્રનાયક બનાવનાર સંજોગો પણ એટલા જ અગત્યનાં ગણાય. સુંવાળી કારકિર્દી પસંદ કરી હોત તો તેઓ સયાજીરાવ ગાયકવાડ જેવા કોઇ મહારાજાની સેવામાં એક ઉત્તમ પ્રશાસક તરીકે જિંદગી પસાર કરી શક્યા હોત. પરંતુ એમણે એવો સરળ વિકલ્પ પસંદ નહીં કરતાં પોતાના દલિત - પીડિત સમાજની સમસ્યાઓના કાયમી ઉકેલની ખોજમાં ખપી જવાનું પસંદ કર્યું. એ માટે એમને એક તરફ તત્કાલીન બ્રિટીશ રાજ સામે અને બીજી તરફ સવર્ણ સમાજના નેતાઓ સામે બાકરી બાંધવી પડી. એમણે ગાંધીજીની જિંદગી બચાવવા માટે દલિતોનો અલગ મતાધિકારની માગણી પડતી મૂકી પરંતુ સામે દલિતો માટે મોંઘેરી મિરાત સમી રાજકીય અને પ્રશાસકીય અનામત મેળવીને એક નવો જ ઇતિહાસ સર્જ્યો. આજે દેશના રાષ્ટ્રપતિ પદ સુધી જો કોઇ દલિત સમાજનો પ્રતિનિધિ પહોંચી શક્યો હોત તો એના પાયામાં ડો. બાબાસાહેબ આંબેડકરનો સંઘર્ષ અને દૂરંદેશી પડેલાં છે. ઊંચનીચના વાડાઓમાં વહેચાયેલાં હિંદુ સમાજને પણ એમણે જે શોક ટ્રીટમેન્ટ આપી તે જરુરી હતી. પોતે હિંદુ તરીકે જન્મ્યા પરંતુ હિંદુ તરીકે મરવાની એમની તૈયારી નહોતી. એમણે દલિતોને હિંદુ ધર્મ છોડી સાગમટે ભગવાન તથાગત પ્રેરિત મધ્યમ માર્ગ અપનાવવા હાકલ કરી અને હજારો વર્ષ પછી ભારતને નવા 'બોધિસત્ત્વ' સાંપડ્યા. બાબાસાહેબ જે કંઇ સાચું લાગે તે તડ ને ફડ કહી દેનારા મહાન નેતા હતા. દલિત પ્રજાને એની સાચી ઓળખ આપનારા આ મહાન નેતાને માત્ર દલિતોના નેતા તરીકે ખતવી નાખવા તે ઇતિહાસનો અપરાધ લેખાશે. આધુનિક ભારતના ઘડવૈયા તરીકે બાબાસાહેબ આંબેડકર ગાંધીજી, નહેરુ કે સરદાર સહિતના કોઇ પણ રાષ્ટ્રીય નેતા જેટલા જ સમગ્ર રાષ્ટ્રના રાષ્ટ્રીય નેતા બલકે મહાનાયક છે.

## આર્ષ અક્ષરધામ ખાતે 'બાહ્ય અને આંતરિક સ્વચ્છતા' વિષય પર વ્યાખ્યાન યોજાયુ

ગાંધીનગર, 'આર્ષ' સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ૧૭ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર દર ત્રણ માસે પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં સામાજિક સમસ્યા વિષયક પ્રવચનમાળા અંતર્ગત બાહ્ય અને આંતરિક સ્વચ્છતા ૭૧મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બી.ડી. આર્ટસ કોલેજ, અમદાવાદના ડૉ. પ્રો. જયેશભાઈ માંડણકા અને બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વરિષ્ઠ સંત પૂ. અક્ષરચરણદાસ સ્વામીએ સુંદર વિચારો રજૂ કરી પોતાના વકતવ્યો આપ્યા હતા. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

બાહ્ય અને આંતરિક સ્વચ્છતા વિષય પર પ્રવચન આપતાં શ્રી જયેશભાઈ માંડણકાએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ આપણા માટે



જાણીતો શબ્દ છે પણ માનીતો નથી. સૌ કોઈ સ્વચ્છતા વિશે જાણે છે, વાતો કરે છે, સમજે છે, વિચારે છે પરંતુ અમલમાં લેવા કોઈ રાજી નથી. કોઈપણ જગ્યાએ ગંદકીના ઢગ હોય અથવા ખરાબ સ્થળ હોય ત્યાં આપણે ઉભા રહેવું કે બેસવું અથવા ત્યાં જવું પસંદ કરતાં નથી પરંતુ રોજબરોજની જિંદગીમાં ખાણી-પીણીના તમામ પડીકાઓ, કોથળીઓ, પાન-મસાલાની પિચકારીઓ, એંઠવાડ ગમે ત્યાં ફેંકીને ગંદકી કરીએ છીએ. જેવી રીતે તમારી અગાઉ આવેલા લોકોએ કરેલી ગંદકી તમને પસંદ નથી અને એના કારણે તમે એ સ્થળને પસંદ કરતાં નથી તો પછી તમે જે સ્થળે જાવ એ સ્થળે શું કરવા ગંદકી કરો છો ? તમારા પછી આ સ્થળે જે કોઈ આવશે એને શું આ પસંદ આવશે ? તમારી અગાઉના લોકો જો સ્વચ્છતા જાળવીને ગયા હશે તો તમે ચોક્કસ એને ગમાડશો અથવા તમને ત્યાં રોકાણ કરવું ગમશે. ટૂંકમાં સ્વચ્છતા એ ગંભીર વિષય અને સળગતી સમસ્યા છે. અસ્વચ્છતા અને ગંદકી એ મનુષ્ય જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે અને તેને કારણે મનુષ્ય જીવન જોખમાઈ રહ્યું છે.

જેમ આપણા દેશમાં રાષ્ટ્રીય તહેવારો છે, રાષ્ટ્રીય દિવસો છે, રાષ્ટ્રીય પક્ષી છે તેમ ગંદકી અને અસ્વચ્છતા એ જાણે આપણી રાષ્ટ્રીય કુટેવ બની ગઈ છે ! આપણા રોજિંદા જીવનમાં વણાઈ ગઈ છે. શું ખરેખર આ પરિસ્થિતિને બદલવાની જરૂરિયાત નથી જણાતી ? આપણે જાતે સ્વચ્છતામાં સહયોગ નથી આપતા અને છેવટે બધું વહીવટી તંત્ર પર નાંખીએ છીએ. ગંદકી આપણે કરીએ છીએ અને પછી એવી ઈચ્છા રાખીએ છીએ કે બધુ સરકારી તંત્ર આવીને સફાઈ કરી જશે...! જે ખરેખર દુઃખદ છે. આમ, શ્રી ડૉ. જયેશભાઈ માંડણકાએ 'બાહ્ય સ્વચ્છતા' પર ખૂબ જ ઝીણવટભરી સમજ આપી હતી.

## હરિની દૃષ્ટિ...




કરા પડ્યા ? પાક બરબાદ થયો ? ચિંતા ન કરો, તમારા બુરા દિન નહિ આવે !! મેક ઇન ઇન્ડિયામાં જોડાઈ જાવ...!!!

## બાપુ કેમ્પસમાં ડિપ્લોમાં એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે કૌશલ્ય-વિકાસ માટે વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર માણસા હાઈવે ખાતે આવેલી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (ડિપ્લોમાં વિભાગ-મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ અને સીવીલ) દ્વારા ડિપ્લોમાં એન્જીનીયરીંગના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ટેકનોલોજીના શિક્ષણ કૌશલ્યો કેળવવા માટે ત્રી-દિવસીય વર્કશોપ યોજાયો હતો.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સંસ્થાના ચેરમેન ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી, કેન્દ્રના કાપડ મંત્રાલયના પૂર્વ મંત્રી અને હાલના વિરોધ પક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા બાપુશ્રીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગર્વનમેન્ટ પોલીટેકનીક અમદાવાદના પ્રિન્સીપાલ પ્રો. ડી.એસ. દવે, ડૉ.એમ.એમ. પટેલ (ડાયરેક્ટર) તથા ડૉ. વી.એમ. પટેલ (પ્રિન્સીપાલ) તથા ડીગ્રી તથા ડિપ્લોમાના ડીનશ્રી હાજર રહ્યા હતા.

કોલેજના ચાલુ વર્ગોમાં યુનિવર્સિટી દ્વારા સુચિત અભ્યાસક્રમને પુરતો ન્યાય આપવા માટે સંસ્થાએ ભૌતિક તથા માનવ સંશાધનની પુરી સગવડો આપેલી છે. આમ છતાં જે તે ફિલ્ડમાં ઈન્ડસ્ટ્રીની, સમાજની અને રાષ્ટ્રની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસ માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ.

પ્રથમ દિવસે પ્રો. ડી.એસ. દવેએ મીકેનીકલ શાખામાં, બીજા દિવસે પ્રો. યુ.એન. પટણીએ (હેડ ઓફ સીવીલ ડિપાર્ટમેન્ટ ગર્વમેન્ટ પોલીટેકનીકલ, અમદાવાદ) સીવીલ શાખામાં અને ત્રીજા દિવસે શ્રી પ્રો.એમ.આર. પટેલ (પ્રિન્સીપાલ સ્વામી સચ્ચિદાનંદ પોલીટેકનીક, વિસનગર) ઈલેક્ટ્રીકલ શાખામાં તાતી અને ભાવી જરૂરીયાતોની સાચી સમજ વિદ્યાર્થીઓને આપી હતી અને વર્કશોપ સ્વરૂપે તેમના પ્રત્યક્ષ અનુભવો જણાવ્યા હતા. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓની ઉજ્જવળ ભાવીની ઝાંખી કરાવી હતી અને ભાવી તકો ઝડપી લેવા આહવાન આપ્યુ હતુ.

સમાપન પ્રસંગે મૃત્યુંજયકુમાર (રીજીયોનલ મેનેજર, સોફકોન ઈન્ડિયા પ્રા.લિ.) ટ્રસ્ટી ભરતસિંહ એસ. વાઘેલા તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. એમ.એમ. પટેલની હાજરીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન અને સિદ્ધિઓનો સ્વીકાર કર્યો હતો. સાથે સાથે કોલેજમાં વિદ્યાર્થીઓના હિતાર્થે ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો થતા રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમજ સંસ્થા વિદ્યાર્થીઓની પૂર્ણ સજ્જતા માટે આવા વધુને વધુ વિકાસલક્ષી વર્કશોપનું આયોજન કરશે તેવી ખાતરી ઉચ્ચારી હતી.

## બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ





બીઝનેસ એડમિનીસ્ટ્રેશન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારંભ તા. ૧૨ની એપ્રિલ રવિવારે કોલેજ કેમ્પસમાં યોજાયો હતો. આ સમારંભમાં કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની જે હાલ આઈએએસ અધિકારી છે તેમના સહિત ૩૭ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

સ્નેહમિલન સમારંભમાં જુદા જુદા ક્ષેત્રે કાર્યરત કુલ ૨૮૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બીબીએ કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીએ પ્રસંગોચિત પ્રવચનમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયે શૈક્ષણિક ક્ષેત્રે સ્થાપેલી સિદ્ધિઓ અને સમાજલક્ષી વિકાસની ગાથા વર્ણવી હતી. સિનિયર પ્રાધ્યાપક ડૉ. જયેશ તન્નાએ એલ્યુમિની એસોસિએશનને મજબૂત બનાવવા પર ભાર મુકતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેમના જૂનિયર્સ માટે પ્લેસમેન્ટમાં સહભાગી બનવા હાકલ કરી હતી. કાર્યક્રમની સાથે એલ્યુમિની પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ટેક્ષ ટેક ઈન્ડીયા લિ., એચડીએફસી ઈન્શ્યુરન્સ તેમજ ટીસીએસ જેવી કંપનીઓએ ભાગ લઈ વિદ્યાર્થીઓને રૂ. ૨૦ લાખ સુધીના પેકેજ ઓફર કર્યા હતા.

કાર્યક્રમના અંતમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. જેમાં આઈએએસ ઓફિસર ભૂમિકા પટેલ અને બિઝનેસમેન અજિત ઠાકોર સહિત વિવિધ ક્ષેત્રે કાર્યરત અન્ય ઉપ વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયો અને અનુભવો વર્ણવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના ટેકનીકલ વિભાગના ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને પ્રા. આશિષ ભૂવાએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનો તમામ ખર્ચ ભૂતપૂર્વ વિદ્યાર્થી-બિઝનેસમેન અજિત ઠાકોરે ઉપાડ્યો હતો.

## બસોબ્યાસી વણકર સમાજ ડૉ. આંબેડકરને અંજલિ આપશે

ગાંધીનગર, તા. ૧૩

શ્રી ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ ડૉ. બાબાસાહેબને જન્મ દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આજે મંગળવાર સવારે પ્રેરણામૂર્તિ ખાતે આવેલ ડૉ. બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરશે. વિશ્વ વિભૂતિને શ્રદ્ધાસુમન અર્પણ કરવા સમાજના તમામ નાગરિકોને ઉપસ્થિત રહેવા પ્રમુખે અપીલ કરી છે.

## ગાંધીનગર તો ખૂબ સુવ્યવસ્થિત રીતે રચાયેલું શહેર છે અને તેમાંય પાટનગર હોવાને કારણે અહીંના રસ્તાઓ પર સાઇકલ ચલાવવી એ એક લ્હાવો જ ગણાય!

### જીવનશૈલીમાં સમય સાથે આવેલા ફેરફાર

**વિચારસભા**

*- નેહલ જયદીપ ગઢવી*

આધુનિકતાના અતિરેકથી થતા નુકસાન અને તેના કારણે થતી ગંભીર અસર સમાજજીવનને અસ્તવ્યસ્ત કરી નાખશે એવી ભીતિ આજે સતત સેવાઇ રહી છે. આપણે સૌ કોઇ આ બાબત સાથે સંમત છીએ અને તેના દ્વારા થનારા ગંભીર નુકસાનોથી પણ વાકેફ છીએ. પરંતુ, આ બધી બાબતો માત્ર રોગનું નિદાન થયું હોવાનું સૂચવે છે ! આપણને કોઇ રોગ થાય ત્યારે બિમારીના નિદાનમાત્રથી રોગનું શમન કઇ રીતે થઇ શકે ? રોગ-નિવારણ માટે યોગ્ય કાળજી તેમજ જરુરી સારવારની દિશામાં આપણે આગળ વધવું જોઇએ. પુખ્તવયની સમજદાર વ્યક્તિથી લઇને વયોવૃદ્ધ વડીલો સુધીની તમામ વ્યક્તિઓ સમાજજીવનને લાગુ પડેલી આ ગંભીર માંદગીથી વાકેફ છે જ ! માત્ર જરુર છે હવે આ રોગને જડમૂળથી નાબૂદ કરવાની, તેની યોગ્ય સારવાર કરવાની તેમજ તે દિશામાં કોઇ નક્કર પગલાં ભરવાની !

આધુનિકતા આપણા પર સવાર ન થઇ જાય તે માટે સૌપ્રથમ આપણે આ આધુનિક ઉપકરણોની ગુલાબીમાંથી આઝાદ થવું પડશે ! હા, જરુરી હોય ત્યારે ચોક્કસ તેની મદદ લેવી પડે એ સમજી શકાય એવી બાબત છે. પણ નાની-નાની બાબતોથી આ અંગે જાગૃતિ લાવી શકાય. જેમ કે, આજકાલ બાળકો તેમજ યુવાનો નજીકમાં નજીકના સ્થળે પહોંચવા માટે પણ સાઇકલના બદલે એક્ટિવા કે બાઇક પર જતા હોય છે. તો તેમાં થોડું પરિવર્તન કરીને જયારે થોડો સમય મળે ત્યારે નજીકના સ્થળોએ કે મિત્રોના ઘરે સાઇકલ વાપરીએ તો પૈસાની બચત તો ખરી જ સાથોસાથ શારીરિક તંદુરસ્તીમાં પણ વધારો કરીએ તો ક્યારેક વાહન ન હોય તો પણ આપણે નિર્ધારીત સ્થળે સાઇકલ પર થાક્યા વિના પહોંચી શકીશું. આ બાબત બાળકો તેમજ યુવાનો માટે જ નહિ પરંતુ, ૪૦ વર્ષની નજીક તથા શરીરને સપ્રમાણ રાખવા માટે મોંઘાદાટ સ્લીમિંગ સેન્ટર્સ તેમજ જીમમાં જનારા સ્ત્રી-પુરુષો માટે પણ એટલી જ ફાયદાકારક છે ! ગાંધીનગર તો ખૂબ સુવ્યવસ્થિત રીતે રચાયેલું શહેર છે અને તેમાંય પાટનગર હોવાને કારણે અહીંના રસ્તાઓ પર સાઇકલ ચલાવવું એ એક લ્હાવો જ ગણાય! તો જેઓ ગાંધીનગરમાં જ કામ કરતા હોય તે જેઓને ૫-૧૦ કિ.મી.ના નજીકના અંતરે જ પોતાના કાર્યસ્થળે પહોંચવાનું હોય તેઓ સ્વૈચ્છિક રીતે સપ્તાહમાં એક વાર કે મહિનામાં બે-ત્રણ વખત જો કાર કે ટુ-વ્હીલરને બદલે સાઇકલનો ઉપયોગ કરે તો ધીરે-ધીરે સાઇકલ ચલાવવી એ પણ એક મોર્ડન ટ્રેન્ડ અને ફેશન સ્ટેટમેન્ટ તરીકે પ્રચલિત થઇ શકશે ! ને ઘણા વર્ષો સુધી ગુજરાતના પ્રધાનપદને સંભાળી રહેલા બહાદુરભાઇ કુંથાભાઇ પટેલની સાદગીનો એક પ્રસંગ આદરણીય અરુણ બૂચે ટાંક્યો છે તે મુજબ "એકવાર વલસાડ જિલ્લાના વાંસદા તાલુકાના નવતાડ ગામે વન વિભાગ દ્વારા વનીલ ઉદ્યોગનું સ્થાપન કેન્દ્ર શરુ થવાનું હતું. કેન્દ્રની મુલાકાતના કાર્યક્રમમાં તે સમયના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી સાથે વનમંત્રી અમરસિંહ ચૌધરી જોડાયેલા હતા. તે સમયે બહાદુરભાઇ પટેલને જોઇને માધવસિંહ ભાઇએ પૂછ્યું, "આપ અહીં કેવી રીતે આવ્યા ? તથા આપનું ગામ કેટલું દૂર ?" ત્યારે બહાદુરભાઇએ સ્વાભાવિક રીતે જ જવાબ આપ્યો, "ભાઇ, હું તો વાંસદાથી મારી સાઇકલ ઉપર વનીલ આવ્યો છું. જે ૧૫ કિ.મી. થાય." ૭૦ વર્ષની ઉંમરે ૧૫ કિ.મી. આવવું અને જવું એ જાણીને ઉપસ્થિત સર્વે સાનંદ આશ્ચર્યચકિત થઇ ગયા. જાહેર જીવનમાં પ્રસિદ્ધ હોય તેમજ સફળ હોય તેવી વ્યક્તિઓ જો આ પ્રકારનું સાદગીપૂર્ણ જીવન જીવે તો અન્યને પણ તે મુજબ વર્તન કરવાની પ્રેરણા ચોક્કસપણે મળશે જ ! ડોક્ટર હોય, વકીલ હોય, શિક્ષક હોય કે બેંકમાં કામ કરતી વ્યક્તિ હોય - આ સર્વે પોતાના કલીગ સાથે નક્કી કરીને અઠવાડિયામાં એકાદ વખત ચાલીને કે સાઇકલ લઇને ઓફિસમાં કે પોતાના Work-place પર જાય તો ધીરે ધીરે આ બાબત આપણા જીવનમાં એક ટેવ સ્વરુપે વણાઇ જશે !



અન્ય એક ગંભીર બાબત છે આપણા સાંસ્કૃતિક મૂલ્યો પર પાશ્ચાત્યકરણની ઊંડી અસર ! પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવા જતાં ઘણીવાર આપણે અત્યંત કફોડી પરિસ્થિતિમાં મૂકાઇ જતાં હોઇએ છીએ ! આપણે સ્ત્રીઓને જીન્સ પહેરવાની કે એકલા ફરવા જવાની તથા નોકરી કરવાની છૂટ તો આપી પણ હજુ સ્ત્રીઓ પરની શાસકવૃત્તિનો અંત લાવી શક્યા નથી! માત્ર વેસ્ટર્ન કપડાં પહેરવાથી કે નોકરી કરવાથી મોર્ડન બની શકાતું નથી પરંતુ, રૂઢિગત પરંપરાનો વિસ્તાર કરી શકીએ તો જ સંપૂર્ણપણે આધુનિક બની શકાય. આધુનિકતાના આ દોરમાં લાગણી અને ભાવનાઓના મૂલ્યને જો નજરઅંદાજ કરવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આપણે સૌએ ભોગવવા પડશે ! સ્ત્રી ગમે તેટલી આધુનિક કે સ્વાવલંબી હોય તેનામાં રહેલી ઋજુતા અને ભાવનાશીલ તેને કઠોર નિર્ણયો લેતા અટકાવે છે! સ્ત્રી-પુરુષ બંને હાથમાં હાથ પરોવીને સંસારજીવનનો રથ ચલાવતા હોય ત્યારે કુટુંબની સંવાદિતતા ન ખોરવાય તે પણ અત્યંત અગત્યની બાબત છે! ઘરમાં વડીલોના અભાવે માતા-પિતાએ જ હવે બાળકોને ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક વિચાર વારસાનો પરિચય કરાવવો પડશે ! નિયમિતરુપે અભ્યાસ, રમતગમત અને મોબાઇલ activi-ties માંથી સમય કાઢીને ઘરસભા કે પ્રાર્થનાસભાની શરુઆત કરવી જોઇએ! અથવા તો સવારે અને સાંજે જમવા માટે ઘરના તમામ સભ્યો સાથે મળીને ટીવી, મોબાઇલ કે રેડિયો એ સર્વોનો ત્યાગ કરીને એકબીજા સાથે વાતો કરતાં કરતાં તેમજ દિવસ દરમિયાન પોતાના થયેલા અવનવા અનુભવો એકબીજા સાથેની આપ-લે કરતાં કરતાં જમે તો ભોજન તો સ્વાદિષ્ટ લાગશે જ પણ પરિવારમાં પણ એક પ્રકારનું સુંદર સાયુજ્ય જળવાયેલું રહેશે !

વિનોભા ભાવે લખે છે તેમ, "પરમેશ્વર એક ઉત્તમ કલાકાર છે. તે કોઇ દિવસ રદ્દી ચિત્ર દોરતો નથી. ઉત્તમ કારીગર ઉપરાંત તે આપણો પરમ પિતા પણ છે. તો શું કોઇ બાપ પોતાના બાળક માટે દુઃખમય સૃષ્ટિ પેદા કરે કે ? એક સાધારણ બાપ એવું ન કરે, તો પરમપિતા પ્રભુ તો એવું કરે જ શી રીતે ? તેણે તો આપણા માટે આનંદમય સૃષ્ટિ નિર્માણ કરી છે. પણ આપણું સામર્થ્ય અદ્ભૂત છે. આપણે આનંદમાંથી પણ દુઃખ પેદા કરી લઇએ છીએ. એનાથી વધારે બહાદુર અને કૌશલ્ય બીજાં કયાં ગણી શકાય?" આપણે ધ્યાનથી અભ્યાસ કરીએ તો આપણને ચોક્કસ સમજાશે કે મોટાભાગની સમસ્યાઓ આપણે જાતે જ ઊભી કરેલી હશે ! અને ત્યારબાદ સમસ્યાનો સામનો કરવાને બદલે કયારેક પીછેહઠ કરીએ તો કયારેક નાસીપાસ થઇ જઇએ છીએ. પરંતુ, આપણે હંમેશા એ બાબત યાદ રાખવી જોઇએ કે રાત્રી ગમે તેટલી અંધકારથી ઘેરાયેલી અને લાંબી હોય પરંતુ, પ્રભાતનો પ્હોર થતાંની સાથે જ સૂરજના કિરણો આ અંધકારને વીંધી જીવનને પ્રજ્જવલિત કરી નાખે છે ! એ જ જીવનનું સનાતન સત્ય છે ! માટે ગમે તેટલી ખરાબ પળમાં પણ હારી ન જતાં માત્ર પ્રભાતની પ્રથમ કિરણ - આશારુપી કિરણની પ્રતિક્ષા કરીએ તો જીવનની ગમે - તે તકલીફોનો આસાનીથી સામનો કરી શકાય ! ભૂતકાળમાં બની ગયેલી ખરાબ ક્ષણોને ન વાગોળતાં તેમજ જીવનમાં થયેલી ગંભીર ભૂલોના પશ્ચાતાપના ભાર હેઠળ દબાયેલા ન રહેતાં, બધું ભૂલીને નવું જીવન શરુ કરવાનો પ્રયત્ન કરીએ તો જીવનને હંમેશ ખુશહાલ થઇને જીવી શકીશું ! ભૂલ ગમે તેટલી અક્ષમ્ય કે ભયંકર હોય પરંતુ, તે ભૂલ થઇ છે એવી સ્વીકૃતિ થતાં જ આપણે તેને સુધારી લઇએ તો તેમાંથી આપણે જલ્દી બહાર આવી શકીએ છીએ ! વાલિયો લૂંટારો જો વાલ્મિકી ઋષિ બની શકે તો આપણે શા માટે કોઇ એક ભૂલ માટે આખું જીવન તેના નકારાત્મક વિચારોથી ભરી દઇએ? નવી સવારે નવી શરુઆત કરીને આગળ બનેલી ભૂલ ફરી ન થાય તે રીતે જીવનનું અંતિમ લક્ષ્ય છે!